જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૧૦/૦૧/૨૦૧૬ રવિવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૬૯/૧૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૨ કેસ કરી ૪૬ વ્યક્તિઓને ઝડપી ૧૧૪ લીટર દેશી દારૂ, ૨૨૩ બોટલ ઈંગ્લીશ દારૂ, ૭૨ બિયર ટીન, ૧ ઓટોરિક્ષા ૧ કાર, ૧ મોટર સાયકલ અને ૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૨ કેસ કરી ૨ વ્યક્તિઓને ઝડપી રૂપિયા ૧૬,૩૨૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૭૦/૧૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૩૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૨૧ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**બળાત્કારની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૭૧/૧૬**

**ચાંદખેડાઃ** ચાંદખેડા વિસ્તારમાં રહેતી ૨૩ વર્ષની યુવતીએ તા.૯/૧/૧૬ નારોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે સને ૨૦૦૪ થી તા.૫/૧/૧૬ દરમ્યાન આરોપી રમેશભાઈ ચિમનભાઈ પ્રજાપતિ (રહે.સુભાષનગર ગુજરાત હાઉસીંગ બોર્ડ ચાંદખેડા) એ યુવતીને લગ્ન કરવાની લાલચ આપી યુવતીની મરજી વિરૂધ્ધ શરીર સંબંધ બાંધ્યો હતો તેમજ તેર વાર ગર્ભપાત કરાવ્યો હતો યુવતીએ લગ્નની વાત કરતા આરોપી તેમજ આરોપીના સબંધીઓ ધ્વારા યુવતીને જાતી વિશે અપશબ્દો બોલી લાગણી દુભાવી છે. આ ગુનાની તપાસ મદદનીશ પોલીસ કમિશનર શ્રી એલ ડીવીઝન ચલાવે છે.

**અપહરણની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૭૨/૧૬**

**વેજલપુરઃ** મીરાબહેન લાલજીભાઈ મેઘવાલ (ઉ.વ.૧૩) (રહે.બાબુભાઈની ચાલી રંગોલી પાર્ટી પ્લોટ પાસે નારાયણનગર વાસણા) ને તા.૭/૧/૧૫ બપોરના ૧૨/૦૦ વાગ્યાના સુમારે આરોપી વાસણા બેરેજ શિવ પ્રાથમિક શાળા નજીકથી ઘર નજીક રહેતો આરોપી અશોક જીવણભાઈ મેઘવાલ લગ્ન કરવાની લાલચ આપી લલચાવી ફોસલાવી જારકર્મ કરવાના ઈરાદે ભગાડી લઈ ગયો છે. આ અંગેની ફરીયાદ મીરાબહેનની માતા નર્મદાબહેન મેઘવાલે તા.૯/૧/૧૬ નારોજ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એ બી વાળંદ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**શાહીબાગઃ** દશરથસિંહ ગોબરજી પરમાર (રહે.ચીમનલાલ નારાયણદાસ ઘાંચીની ચાલી સીવીલ હોસ્પિટલ સામે જેઠાભાઇ પરમાર ગાર્ડનની બાજુમાં અસારવા શાહીબાગ) એ શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૮/૧/૧૬ બપોરના ૧/૦૦ વાગ્યાના સુમારે ઘર નજીકથી પોતાની પુત્રી કુંજલ (ઉ.વ.૧૬) ને અજાણી વ્યક્તિ અપહરણ કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી જે એ પ્રજાપતી ચલાવે છે.

**ઈસનપુરઃ** જગદીશભાઈ અમરસંગ બારોટ (રહે.અમર ટેનામેન્ટ વીંઝોલ રોડ મહાલક્ષ્મી કોર્નર પાસે વટવા) એ ઈસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૮/૧/૧૬ સવારના ૬/૪૫ વાગ્યાના સુમારે ઈસનપુર ચાર રસ્તા નજીકથી પોતાની પુત્રી નીધી (ઉ.વ.૧૫) ને અજાણી વ્યક્તિ અપહરણ કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એમ એન પંડ્યા ચલાવે છે.

**<u>છેતરપીંડીની ફરીયાદઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૭૩/૧૬</u>**

**કાલુપુરઃ** પ્રકાશભાઈ રમેશભાઈ રાજાની (રહે.મહારથી સોસાયટી સાધુ વાસવાની સ્કુલની બાજુમાં સરદારનગર) એ તા.૯/૧/૧૬ નારોજ કાલુપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩૦/૧૦/૧૫ થી તા.૧/૧૨/૧૫ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી મહાલક્ષ્મી ટેક્સટાઈલ, વિકાસ જૈન (ચોપરા) (રહે.દરીયા મહેલે દુકાન નંબર-૧ પહેલા માળે કાલબાદેવી રોડ મુંબઈ) એ કાલુપુર કે જી વાલા સુપર માર્કેટ સીંધી ધર્મશાળા નજીક આરાધના ક્રીએશન નામની પોતાની દુકાનેથી લેડીઝ ગારમેન્ટ કાચુ મટીરીયલ કિમત રૂપિયા ૨૫,૩૨,૮૯૦/- ખરીદી કરી નાણા નહી ચુકવી પ્રકાશભાઈ રાજાની સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ મ.સ.ઈ.શ્રી રોહીતસિંહ લક્ષ્મણસિહ ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૭૪/૧૬**

**સોલા હાઈકોર્ટઃ** ગીતાબહેન મલયકુમાર જેટલી (રહે.ગીરીરાજ એપાર્ટમેન્ટ ભાઈકાકાનગર થલતેજ) એ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૮/૧/૧૬ રાતના ૧૧/૦૦ થી તા.૯/૧/૧૬ સવારના ૬/૦૦ વાગ્યા દરમ્યાન ગીતાબહેનની ભત્રીજી પ્રજ્ઞાબહેનના થલતેજ ભાઈકાકાનગર અંજન એપાર્ટમેન્ટ ખાતે આવેલ મકાન નંબર-૪ ના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોના-ચાંદીના દાગીના (કિમત જાણવા મળેલ નથી) રોકડ રૂપિયા ૨૦,૦૦૦/- અને આઈ ૨૦ કાર નંબર જીજે ૧ આર બી ૮૬૦૯ કિમત રૂપિયા ૩,૦૦,૦૦૦/- ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી પી કે અસોડા ચલાવે છે.

**<u>વાહન ચોરીઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૭૫/૧૬</u>**

**ઓઢવઃ** બાબુભાઈ રામજીભાઈ પટેલ (રહે.શાકુંતલ બંગલોઝ શુકન બંગલોઝની સામે નિકોલ) એ તા.૭/૧/૧૬ કલાક ૦૦/૩૦ વાગે જીઆઈડીસી શેડ નંબર સી/૨૪ આર એન્ટર પ્રાઈઝ નજીક પોતાની મહીન્દ્રા કંપનીની બોલેરો પીકઅપ ગાડી નંબર જીજે ૨૭ વી ૭૦૨૪ કિમત રૂપિયા ૬,૦૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી સવારના ૮/૦૦ વાગ્યા દરમ્યાન થઈ હતી. આ અંગેની ફરીયાદ બાબુભાઈ પટેલે તા.૯/૧/૧૬ નારોજ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી વી એન ચૌધરી ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**સોલા હાઈકોર્ટઃ (૧)** અમિતભાઈ બુધ્ધીચંદ્ર શાહ (રહે.સનબ્રીજ ટાવર એ-વન સ્કુલની સામે સુભાષ ચોક મેમનગર) એ તા.૯/૧/૧૬ કલાક ૨/30 વાગે વીજાપાર્કની સામે હનુમાનજી મંદિર નજીક પોતાની હિતાચી ઈ એક્સ/૧૧૦ ૧૪ ટન જેની કિમત રૂપિયા ૮,00,000/- પાર્ક કર્યુ હતુ. જેની ચોરી ત્રીસ મીનીટમાં થઈ હતી. આ અંગેની ફરીયાદ અમિતભાઈ શાહે સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ આર મેઘાણી ચલાવે છે.

**(૨)** મહેશભાઈ લાલજીભાઈ પટેલ (રહે.અંબિકા એપાર્ટમેન્ટ પલ્લવ ચાર રસ્તા પાસે શાસ્ત્રીનગર નારણપુરા) એ તા.૫/૧/૧૬ સાંજના ૫/00 વાગે ચાંદલોડીયા શુકન રેસીડન્સી શાંતી એન્ટર પ્રાઈઝ નામની દુકાન સામે પોતાની બોલેરો પીકઅપ ગાડી નંબર જીજે ૧ ડીયુ ૬૪૫૨ કિમત રૂપિયા ૨,00,000/- પાર્ક કરી હતી. જેની ચોરી તા.૬/૧/૧૬ સાંજના ૬/00 વાગ્યા દરમ્યાન થઈ હતી. આ અંગેની ફરીયાદ મહેશભાઈ પટેલે તા.૯/૧/૧૬ નારોજ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એચ કે શ્રીમાળી ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)